ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રીજ
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૮ ટકા

# શહેરમાં આંગણવાડી સુપરવાઈઝર બહેનોના ધરણા

ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદ આઈસીડીએસની મુખ્ય સેવિકાઓની વારંવાર રજુઆત છતા પડતર પ્રશ્નનો ઉકેલ ન આવતા આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે સવારે મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી અને પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ યોજ્યો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિભાગમાં આંગણવાડી મહિલા અને બાળ વિકાસ વિભાગ સંચાલિત કેન્દ્રો છે. જે આંગણવાડી કેન્દ્રોનું સંચાલન સ્વૈચ્છીક સંસ્થા દ્વારા કરવામાં આવે છે ત્યારે આઈસીડીએસ યોજના માટે સુપરવાઈઝર (મુખ્ય સેવિકા) બહેનોની નિમણુંક કરવામાં આવી છે. આ સેવિકા બહેનો તમામ કામગીરી જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળે છે. સુપરવાઈઝર બહેનોને પાંચ વર્ષથી ૨૨ વર્ષનો નોકરીનો અનુભવ છે. આ બહેનોનો અભ્યાસ પણ રાજય સરકાર દ્વારા નિમણુંક કરવામાં આવેલા સુપરવાઈઝર કરતા વધુ છે. અત્યારે હાલ અમદાવાદ ખાતે ૪૫ બહેનો મુખ્ય સેવિકા તરીકે ફરજ બજાવે છે. જયારે કેટલાક બહેનોની ઉંમર પણ વધી જતા સરકારી નોકરી પણ મળી શકે તેમ નથી.બાલવાડીમાં ફરજ બજાવતા બહેનોને રૂ.૨૫૦૦ વેતનથી અત્યારે હાલ રૂ.૫૩૦૦ મળે છે. તેડાગર બહેનોને રૂ.૧૫૦૦ ના સ્થાને રૂ.૩૨૦૦ મળે છે. જેથી આઈસીડીએસ વિભાગને આર્થિકભારણ સહન કરવુ પડે છે. ત્યારે મુખ્ય સેવિકાઓ તરીકે ફરજ બજાવતી બહેનોને સરકારે નક્કી કરેલા પગાર મુજબ પગાર ચુકવવામાં આવે તેવી તેઓની માંગણી છે. અત્યારે હાલના સમયે સુપરવાઝર તરીકે સેવા બજાવતી બહેનોનો રૂ.૨૫૦૦ થી રૂ.૩૫૦૦ પગાર મળે છે. જેમાં તેઓને વારંવાર ઘટક કક્ષાની ઓફિસે, આંગણવાડી કેન્દ્રોની મુલાકાતો તેમજ સ્વૈચ્છીક સંસ્થાની ઓફિસો અને આઈસીડીએસ યોજના અંતર્ગત રાખવામાં આવતી બેઠકમાં જવુ પડે છે જેથી ભાડુ પણ પગારમાંથી જ કાઢવુ પડે છે. તમામ બહેનોની શૈક્ષણિક લાયકાત વધુ હોવા છતા રૂ.૧૫૦૦થી રૂ.૨૦૦૦ મળે છે. ત્યારે મુખ્ય સેવિકા બહેનોએ વારંવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરી હોવા છતા હજુ સુધી તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. પગાર મુદ્દે યોગ્ય નિર્ણય ટુંક સમયમાં નહીં આવે તો મુખ્ય સેવિકા બહેનો ઉગ્ર આંદોલન કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે. જયારે આજે સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦ થી ૨ વાગ્યા સુધી પ્રતિક ઉપવાસનું આયોજન કરાયું હતું. જેમાં મોટીસંખ્યામાં બહેનો હાજર રહી હતી અને ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી.



## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ આયોજિત હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન સે-૧૨માં બલરામ મંદિર ખાતે અને બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન સે-૧૬માં પાટનગર યોજના ભવન ખાતે 'હેપ્પી ચકલી ઘર'નું નિઃશુલ્ક વિતરણ કરાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન જશીબેન ચૌહાણ પ્લોટ નં. ૫૨૧/૨, સે-૩-સી ખાતે યોજાશે.

● ગાંધીનગર જમિયતપુરા ગામે નિઃશુલ્ક આયુર્વેદ અને હોમિયોપથી નિદાન કેમ્પ અને નવનિર્મિત દવાખાનાનું લોકાર્પણ સવારે ૯ થી ૧ વાગ્યા દરમિયાન યોજાશે.



શાળાની પાંચ વિદ્યાર્થીનીઓ ચૌધરી આશ્વી એન., રાવલ દેવાંશી આર, મકવાણા નિકિતા, દેસાઈ તેજલ તથા ઠાકોર સુરભિએ સ્કાઉટીંગ પ્રવૃત્તિમાં મહામહિમ રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીના હસ્તે રાજય પુરસ્કાર તાજેતરમાં મેળવેલ છે. પાંચેય વિદ્યાર્થીનીઓને શાળા તથા સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# ક્રેયોન્સ પ્રી-સ્કૂલનો 'વિશેષ' વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના કુડાસણ સ્થિત ક્રેયોન્સ પ્રી સ્કૂલ એન્ડ એકિટવીટી સેન્ટર તથા વિશેષ સ્પેશિયલ એજ્યુકેશન સેન્ટર દ્વારા ટાઉનહોલ ખાતે ત્રીજા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્ષિકોત્સવની થીમ 'સેલીબ્રેશન ઓફ ચાઈલ્ડ હુડ' રાખવામાં આવી હતી.



ટાઉનહોલ ખાતે શનિવારે યોજાયેલા આ કાર્યક્રમમાં નાના ભૂલકાંઓએ તેમની પ્રતિભા પ્રદર્શિત કરી વાલીઓને તથા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી મુકયા હતા. આ કાર્યક્રમમાં વિશેષ સ્પેશિયલ એજયુકેશનના બાળકોએ વિવિધ પ્રકારના ચાર પરફોર્મન્સ પ્રસ્તુત કર્યા હતા જે જોઈ પ્રેક્ષકો અભિભૂત થયા હતા. આ પરફોર્મન્સ થકી 'વિશેષ'ના સ્પેશિયલ બાળકોએ સાબિત કર્યુ હતું કે દરેક બાળક પોતાની આગવી પ્રતિભા ધરાવે છે અને તેનો અનુભવ વાલીઓએ પણ કર્યો હતો. બાળકના અભ્યાસેત્તર પ્રવૃત્તિ થકી સંપૂર્ણ વિકાસના પ્રયાસ રૂપે યોજાયેલા વાર્ષિકોત્સવમાં ક્રેયોન્સના બાળકોએ 'બેટી બચાવો, બેટી પઢાવો' થીમ આધારિત પ્રસ્તુત કરતી હૃદયસ્પર્શી રજૂઆતે અનેકની આંખમાં આંસુ લાવી દીધા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટના એમ.ડી.અંજુ બારોટ તેમજ જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ટ્રસ્ટી ધર્મેન્દ્ર પટેલ ઉપરાંત વિશેષ સ્પેશિયલ એજ્યુકેશન સેન્ટરના ફાઉન્ડર ચેરમેન અનુપ પરીખે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## અડાલજ કેનાલમાં યુવાન ડુબ્યો

અડાલજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં અમદાવાદ સેટેલાઈટના યુવાનનું ડુબી જતા મોત થયું હતું. આ યુવાનના મોત અંગે કોઈ કારણ પ્રકાશમાં આવ્યું નથી. આ યુવાન અમદાવાદના સેટેલાઈટ વિસ્તારના આનંદનગરના મકાન નં. ૧૮/૩૦૬ રહેતો હોવાનું પોલિસ તપાસમાં બહાર આવ્યું છે. આ મોત અંગે અડાલજ પોલિસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સિવિલમાં કટકી કૌંભાડમાં અઠવાડીયામાં તપાસ સમિતિ રીપોર્ટ સોંપશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા એકાઉન્ટ અને વહીવટી અધિકારી દ્વારા સિવિલમાં ખરીદવામાં આવતી ચીજ વસ્તુઓમાં કટકી કરતા હોવાનો આક્ષેપ અમદાવાદના વકીલ કર્યો છે અને વકીલ દ્વારા જિલ્લા કલેકટર તેમજ આરોગ્ય વિભાગમાં પણ આ અંગે લેખિત જાણ કરી હતી. જેને પગલે જિલ્લા કલેકટરે સિવિલ સુપ્રિટેન્ડન્ટને કટકી કૌંભાડની યોગ્ય તપાસ થાય તે માટે સમિતિ રચવા જણાવ્યું હતું. જેને અનુલક્ષી સિવિલ સુપ્રિટેન્ડન્ટે ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચના કરી દીધી છે અને તપાસ સમિતિની કામગીરી પણ ચાલી રહી છે ત્યારે અઠવાડીયાની અંદર આ તપાસ સમિતિ દ્વારા સિવિલ સુપ્રિટેન્ડન્ટે તપાસનો રિપોર્ટ સોંપાય તેવી શકયતા સેવાઈ રહી છે.

પાટનગરમાં મેડીકલ કોલેજને પગલે ૬૦૦ બેડની સુવિધાવાળી હોસ્પિટલ નિર્માણ પામી છે. દર્દીઓને મળતી સુવિધાઓની સાથે ડોકટર્સ તેમજ સ્ટાફનો પણ વધારો કરવામાં આવ્યો છે. સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે સિવિલમાં દર્દીઓ તેમજ સ્ટાફ માટે લાવવામાં આવતી ઉપયોગી ચીજવસ્તુઓમાં કટકી કરવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. પરંતુ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હતા. શાકભાજીના બીલથી માંડીને સિવિલાં ખરીદ કરવામા આવતી નાની મોટી કોઈ પણ ચીજવસ્તુમાં કટકી માંગી ભ્રષ્ટ્રાચાર કરતા હોવાની ફરિયાદ વકીલે જિલ્લા કલેકટર, આરોગ્ય વિભાગ અને સિવિલ સુપ્રિટેન્ડન્ટને કરી હતી. વહીવટી - એકાઉન્ટ ઓફિસરની જુગલ જોડી પર થયેલા આક્ષેપને લઈ જિલ્લા કલેકટર દ્વારા તપાસ સમિતિ રચીને રીપોર્ટ માંગ્યો છે. ત્યારે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. બિપિન નાયકે તપાસ સમિતિની રચના પણ કરી દીધી છે તપાસ સમિતિના સભ્યોની કામગીરી પણ શરુ છે. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ અઠવાડીયામાં તપાસ સમિતિનો રીપોર્ટ આવી જશે ત્યારે સિવિલમાં કયા અધિકારી સામે શિક્ષાત્મક પગલા લેવાય છે તે જોવુ રહ્યું..?



ગાંધીનગરની બીબીએ કોલેજના ૧૨૪ જેટલા વિદ્યાર્થીઓ ગુજરાતની પ્રતિષ્ઠિત કંપની જીએનએફસી ખાતે ઈન્ટર્નશીપ માટે પસંદગી પામ્યા છે. બાર રાજયોમાં વિશાળ રીટેલ નેટવર્ક ધરાવતી કંપનીમાં કામ કરવાનો અનુભવ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઘડતરમાં ઉપયોગી નિવડશે તેવી કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા આશા વ્યકત કરાઈ છે.

# પારૂલ એસ ફાઉન્ડેશને પક્ષી પરબનું વિતરણ કર્યુ



ગાંધીનગરના પારૂલ એસ ફાઉન્ડેશન દ્વારા તા. ૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને પક્ષી પરબ પાણીના કુંડાનું વતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્ય શહેરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

પારૂલ એસ ફાઉન્ડેશન દ્વારા આયોજિત પક્ષી પરબ વિતરણ કાર્યક્રમમાં શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, સંસ્થાના પ્રમુખ સંજય ડોડીયા, મહામંત્રી નટવરસિંહ ચૌહાણ, ચિરાગ મહેરિયા, રણજીતસિંહ ચૌહાણ, ગૌતમ પરમાર, નિકુલ ડોડીયા, સે-૫ વસાહત મંડળના ઉપપ્રમુખ જગદીશભાઈ પટેલ, કમલભાઈ ચૌધરી, કનુભાઈ રાજપૂત વગેરે સહભાગી બન્યા હતા. આ પ્રસંગે નગરજનોએ મોટી સંખ્યામાં પક્ષી પરબનો લાભ લીધો હતો. સંસ્થા દ્વારા પાણીના કુંડાને તાર બાંધી લટકાવી શકાય તે રીતે પક્ષી પરબ બનાવી તેનું વિતરણ કરવાની કાળજી રાખી હતી.

# ડાક અદાલતનો સમય સાંજે રાખવા વડીલોની રજુઆત

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં આગામી દિવસોમાં ડાક અદાલત મળનાર છે. ડાક અદાલતનો સમય સવારે ૧૧.૩૦ કલાકનો છે પરંતુ ઉનાળાની ગરમીમાં ડાક અદાલતમાં હાજર રહેવું સિનિયર સીટીઝનોને માટે અઘરું છે. આથી ડાક અદાલતનો સમય બપોરે ૪ કલાકથી રાખવા સૂચન કરાયું છે. આ અંગે વારંવાર રજુઆત કરેલ છે પરંતુ ટપાલખાતાના સત્તાધીશો વલણ નહિ બદલવા સાથે આગળ વધે છે.

સિનિયર સીટીઝન સ્કીમમાં રોકેલ નાણાંનું વ્યાજ પ્રતિ ત્રણ માસે ચુકવવામાં આવે છે વ્યાજની રકમ લેવા આવનાર સિનિયર સીટીઝનોની સંખ્યા પણ વધુ હોય છે જેથી કાઉન્ટરની સંખ્યા એકથી વધારીને વધારે રાખવા રજુઆત કરાઈ છે.

આ સિવાય બેંકોની માફક ટોકન સીસ્ટમ રાખવામાં આવે તેવી રજુઆત કરાઈ છે જેથી કામગીરીમાં સરળતા રહે. હેડ પોસ્ટ ઓફિસમાં રોકાણ કરેલ ચેક ૪ થી ૫ દિવસે ઉઘરાય છે જેથી રોકાણકારોને મુશ્કેલી પડે છે. આ સિવાય રહીશોને પોસ્ટ સમયસર મળે તે રીતનું વિતરણ કરાય તેવી રજુઆત કરવામાં આવી છે. સેકટરોની પોસ્ટ ઓફિસ સવારે ૯.૩૦થી કાર્યરત થાય છે જયારે હેડ પોસ્ટ ઓફિસ સવારે ૧૦ કલાકે કાર્યરત થાય છે તો હેડ પોસ્ટ ઓફિસનો સમય બદલીને ૯.૩૦નો રાખવો જોઈએ જેથી કામગીરીના સમયમાં એકરૂપતા જળવાઈ રહે. આ સિવાય વયોવૃધ્ધ વ્યકિતઓ માટે પોસ્ટ કચેરીમાં બેઠક વ્યવસ્થા રાખવા પણ રજુઆત કરાઈ છે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા છાત્રેશ્વરમાં વિતરણ

ગાંધીનગર, તા.૧૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામના ૩૮ લાભાર્થીને કીટનું વિતરણ કર્યુ હતું. તેલ, ખાંડ-ચા, ૨કિ.ગ્રા. ચોખા, સાબુ વગેરે વસ્તુએ દરેકને આપવામાં આવી હતી.

આ સિવાય દુર અને નજીકના અલગ અલગ ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. છાત્રેશ્વરી તથા સુનોકની શાળામાં પેન્સિલ તથા આંગણવાડીમાં બિસ્કીટ આપવામાં આવ્યા હતા. વૈભવ પ્રભુ દેસાઈ તથા પંચાલભાઈ અને મિલિન્દભાઈએ સેવા પુરી પાડી હતી.

# ગિયોડ પાટીયા પાસે અજાણ્યા વાહનની ટકકરે મહિલાનું મોત

ગાંધીનગર, તા.૧૯

ચિલોડા-પ્રાંતિજ માર્ગ પર ગિયોડ પાટીયા પાસે આજે વહેલી સવારે અજાણ્યા વાહનની ટકકરે ૪૫ વર્ષીય મહિલાનું કરૂણ મોત નિપજયું હતું. મહિલાનું મોત નિપજાવી અજાણ્યા વાહનનો ચાલક ફરાર થઈ ગયો હતો. આ મામલે ચિલોડા પોલિસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા-હિંમતનગર માર્ગ પર વાહનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. પરિણામે માર્ગ અકસ્માતોના કિસ્સામાં પણ વધારો થઈ રહ્યો છે. ગત રોજ પણ આજ માર્ગ પર ફરી એક અકસ્માત સર્જાયો હતો. જેમાં મહિલાનું કરૂણ મોત થવા પામ્યું હતું.

ચિલોડા નજીકના ગિયોડ ગામની ૪૫ વર્ષીય મહિલા ઉષાબેન મહેશભાઈ સોલંકી વહેલી સવારે ગિયોડ ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા આ દરમિયાન પુરપાટ ઝડપે દોડી આવતા અજાણ્યા વાહનના ચાલકે આ મહિલાને પોતાના વાહન વડે ટકકર મારતા મહિલા માર્ગ પર જ ફંગોળાઈ ગઈ હતી આથી મહિલાને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું માર્ગમાં કરૂણ મોત નિપજયું હતું. જયારે વાહન ચાલક વાહન લઈ સ્થળ પરથી પલાયન થઈ ગયો હતો. આ અકસ્માત બાબતે ચિલોડા પોલિસે મહિલાના મોત અંગે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૭ ડી પ્લોટ નંબર-૧૨૨૫-૨ ખાતે વસવાટ કરતા રવિન્દ્ર બળવંત ફણસે ઉ.વ.-૯૬ નું આક્સમિક અવસાન થતા તેઓના કુંટીબીજન હેમંત રાઘવેન્દ્ર ફણસેની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. આ કાર્યમાં તબીબી સેવા ડો. મુસ્તફાએ પુરી પાડી હતી જયારે જુનિયર સિટીઝન કાઉન્સીલના કાર્યકર ગણપત મકવાણાએ સેવા પુરી પાડી હતી. તેમજ ચક્ષુદાન અંગે પ્રેરણા નિરંજન મધુકર કોરડે આપી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ)ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલિપભાઈ દંતાણીએ કર્યુ હતું.

## ચિરવિદાય

- સ્વ. ઉષાબેન મહેશભાઈ સોલંકી, ઉ.વ. ૪૫
- સ્વ. સોલંકી અમરતજી અમથાજી, ઉ.વ. ૭૪

# આવો આપણે સહુ ચકલીને ફરી આપણા ઘરમાં આવતી કરીએ....

માર્ચ માસમાં આવતો અતિ મહત્વનો દિવસ એટલે ૨૦મી માર્ચ, વિશ્વ ચકલી દિવસ. બાળપણમાં દાદા-દાદી આપણને ચકલીની વાર્તા કહેતા. એક હતી ચકી...અને એક હતો ચકો.... આજે આ ચીં..ચીં.. કરતી ચકલીઓને બચાવવા વિશ્વ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે. એક સમય એવો હતો કે દરેકના ઘરમાં ચકલીનો માળો જોવા મળતો..આજે આ માળા ઘટતા ગયા છે.

ચકલી અને ચકલીના કૂળના અનેક પક્ષીઓની પેઢીને બચાવવા માટે વિશ્વ સ્તરે પ્રયાસ થઈ રહ્યો છે તેના ભાગરૂપ ૨૦ માર્ચને વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ચકલી એ ખૂબ જ ગભરુ પક્ષી છે તે તેનો માળો કોઈ ઝાડ કે ખુલ્લી જગ્યામાં કયારેય બાંધતી નથી. તેનું રહેઠાણ હંમેશા ઘર અને ચાર દિવાલોથી સુરક્ષિત સ્થાન પર હોય છે. ચકલી હંમેશા માળો એવા સ્થાને બનાવતી હોય છે કે જયાં બિલાડી, સાપ કે અન્ય જીવો તેને કે તેના બચ્ચાંને ભરખી ન જાય. કાચી માટીનાં અને લાકડાનાં બનાવેલા ઘર ચકલી માટે ખૂબ જ સુરક્ષીત આશ્રય સ્થાન હતા. પરંતુ હવે શહેર અને ગામડાઓમાં પણ સિમેન્ટના પાકા મકાનો બનતા તેનું આશ્રય સ્થાન છીનવાયું છે.

જંતુનાશક દવાઓ મિશ્રિત અનાજ અને પર્યાવરણની પ્રતિકૂળતાઓના પગલે ચકલીઓ ઓછી થાય છે અથવા તો સ્થળાંતર કરી જાય છે. મોટા ભાગે ચકલીને સલામત સ્થળ મળે ત્યાં સ્થળાંતર કરતી હોય છે.

ભારતના નાસિક શહેરના પર્યાવરણ વિદ મહોમદ દિલાવર દ્વારા નેચર ફોરેસ્ટ સોસાયટી શરુ કરવામાં આવી. આ સંસ્થા અને ફ્રાન્સની ઈકો-સીસ એકસન ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ૨૦૦૮થી વિશ્વ ચકલી દિનની ઉજવણી શરુ કરવામાં આવી. વિશ્વની અસંખ્ય પર્યાવરણીય સંસ્થાઓ થકી ચકલી અને તેના કૂળના પક્ષીઓની સુરક્ષા અને સંવર્ધના પ્રયત્નો થઈ રહ્યા છે.

લોકો દ્વારા ચલાવાતા આ કેમ્પેઈનને વધુ ગતિશીલ બનાવવા એન.એફ.એસ. સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે ૨૦ માર્ચ ૨૦૧૧ના રોજ 'સ્પેરો એવોર્ડ'ની જાહેરાત કરવામાં આવી. લોકો જાગૃત થઈને પોતાના ઘરમાં ચકલીના માળા લગાડે. ચકલી માટેના પાણીના કૂંડા લગાડે તથા ખાસ ચણની વ્યવસ્થા કરે તે પ્રકારના અભિયાનો આ દિવસે થતા હોયછે. ઘણી બધી સેવાભાવી સંસ્થાઓ ચકલીના માળાનાં વિતરણ કરતાં હોય છે. ચકલી એક પર્યાવરણનો ઘટક છે. તેનું પણ પર્યાવરણમાં મહત્વનું યોગદાન છે આવો આપણે સહુ ચકલીને ફરી આપણા ઘરમાં આવતી કરીએ....

- ડો. અનિલ પટેલ

